# ચેપ અને ગર્ભાવસ્થા

## આપના બાળકનું રક્ષણ કરવું

આ પત્રિકા કેટલાંક એવા ચેપ વિશે સમજાવે છે જેનાથી આપના બાળક માટે સમસ્યા સર્જાઈ શકે છે પરંતુ તેની સારવાર થઈ શકે છે.
તે આ પ્રમાણે છેઃ

- હ્યુમન ઈમ્યુનોડેફિશિઅન્સી વાયરસ (HIV);
- હિપેટાઈટિસ બી; અને
- સિફિલિસ.

આ બધા ચેપો માટે સ્ક્રિનીંગ પરીક્ષણો છે અને આપની દાયણ આપને તે પૂરા પાડશે.

આ પત્રિકા આપની પોતાની જાતનું રૂબેલા (જર્મન ઓરી)થી રક્ષણ કરવા વિશેની માહિતી પણ આપે છે.

આપ આ પરીક્ષણો કરાવવા ઈચ્છો છો કે નહીં તે આપ પસંદ કરી શકો છો. આ પત્રિકામાંની માહિતી આપને એ નક્કી કરવામાં મદદ કરશે કે આપ કયા પરીક્ષણો કરાવવા માંગો છો. આપ નક્કી કરો તે પહેલાં આપ બધા પરીક્ષણો વિશે આપની દાયણ સાથે વાત કરી શકો છો અને પરીક્ષણો માટે સ્થાનિક વ્યવસ્થાઓ વિશે પૂછી શકો છો.

આ બધા ચેપો માટે સ્ક્રિનીંગ પરીક્ષણો રાષ્ટ્રીય સ્ક્રિનીંગ કમિટિ દ્વારા ભલામણ કરવામાં આવે છે - જે સ્ક્રિનીંગ પરીક્ષણો કેટલાં અસરકારક છે તથા તેના લાભો જોવા માટે સ્થાપિત કરવામાં આવેલી નિષ્ણાંતની પેનલ છે.

### પરીક્ષણોની ભલામણ શા માટે કરવામાં આવે છે?

પ્રત્યેક ગર્ભાવસ્થામાં HIV, હિપેટાઈટિસ બી અને સિફિલિસ માટેનું સ્ક્રિનીંગ ઑફર કરવામાં આવે છે અને તેની ભલામણ કરવામાં આવે છે. જો આપને આમાંનો કોઈ ચેપ હોય અને તેની સારવાર કરવામાં ન આવે તો ગર્ભાવસ્થા દરમિયાન, જન્મ દરમિયાન કે જન્મ બાદ આપના બાળકને આપનામાંથી ચેપ લાગી શકે છે.

આ બધા ચેપો ગંભીર હોઈ શકે છે અને જો તેની સારવાર કરવામાં ન આવે તો તેનાથી બાળકને ગંભીર નુકસાન થઈ શકે છે. આ ચેપ ધરાવતાં મોટાભાગના લોકોને બિમારી જેવું લાગતું નથી અને તેમને આ ચેપ છે તેની જાણ હોતી નથી. જો આપને આમાંનો કોઈ ચેપ હોય તો સારવારથી આપના બાળકને ચેપ લાગવાની શક્યતા મહત્ત્વપૂર્ણ હદે ઘટાડી શકાય છે.

### પરીક્ષણો કઈ રીતે કરવામાં આવે છે?

HIV, હિપેટાઈટિસ બી, સિફિલિસ અને રૂબેલાનો ચેપ લાગવાની શક્યતા (રૂબેલા સામે રક્ષણ ન મળે) માટેના તમામ સ્ક્રિનીંગ પરીક્ષણો લોહીના એક નમૂના પર કરી શકાય છે.

કયા પરીક્ષણો કરવામાં આવે છે તે આપ પસંદ કરી શકો છો. લોહીના માત્ર થોડા પ્રમાણની જ જરૂર પડે છે.

લોહીના પરીક્ષણો સામાન્ય રીતે ગર્ભાવસ્થાની શરૂઆતમાં કરવામાં આવે છે.

### મારે શા માટે પરીક્ષણ કરાવવું જોઈએ?

HIV, હિપેટાઈટિસ બી અને સિફિલિસ માટે સ્ક્રિનીંગ સ્વીકારીને આપ એ શોધવા માટેનો નિર્ણય લઈ રહ્યા છો કે આપને ચેપ છે કે નહીં જેથી આપના ગર્ભસ્થ શિશુનું રક્ષણ કરવા માટે શક્ય તેટલા બધા પગલાંઓ લઈ શકાય.



© Public Health Wales

### લોહીનું પરીક્ષણ ક્યાં કરવામાં આવશે?
આપ આ પરીક્ષણો ક્યાં કરાવી શકો તે અંગે આપની દાયણ આપને કહેશે.

### સ્ક્રિનીંગનાં કોઈપણ જોખમો છે?
સ્ક્રિનીંગ એ લોહીનું સરળ પરીક્ષણ છે. એકમાત્ર જોખમ એ લોહીનું કોઈપણ પરીક્ષણ કરાવતી વખતે હોય તેવા જોખમ જેવું હશે.

## HIV, હિપેટાઈટિસ બી કે સિફિલિસ માટે હું સ્ક્રિનીંગ ન કરાવવાનું નક્કી કરું તો શું?
જો આપ HIV, હિપેટાઈટિસ બી કે સિફિલિસ માટે સ્ક્રિનીંગ ન કરાવવાનું નક્કી કરો તો આપની દાયણ આપને તેના કારણો પૂછી શકે છે જેથી સુનિશ્ચિત કરી શકાય કે આપ પરીક્ષણ માટેનાં કારણો સમજ્યા છો. આપની ગર્ભાવસ્થામાં બાદમાં આપની દાયણ આપને પૂછી શકે છે કે આપ સ્ક્રિનીંગ અંગે ચર્ચા કરવા માંગો છો કે કેમ અને આપને ફરીથી પરીક્ષણની ઑફર કરી શકે છે.

આપની ગર્ભાવસ્થામાં કોઈપણ સમયે HIV, હિપેટાઈટિસ બી કે સિફિલિસ માટે આપ સ્ક્રિનીંગ કરાવવા માટે કહી શકો છો.

### હું મારા સ્ક્રિનીંગનાં પરીક્ષણોનાં પરિણામો કઈ રીતે મેળવીશ?
આપ જે પરીક્ષણો કરાવવાનું પસંદ કરો તેના પરિણામો આપ કેવી રીતે અને ક્યારે મેળવશો તે આપની દાયણ આપને કહેશે.

### મારા પરિણામો ગુપ્ત રહેશે?
NHS લોહીના બધા પરીક્ષણોનાં પરિણામો ગુપ્ત રાખે છે. કેટલાં લોકો આપના પરીક્ષણનાં પરિણામોની પહોંચ ધરાવી શકશે તે અંગે હૉસ્પિટલની નીતિઓ અલગ અલગ હોય છે. આપની દાયણ આપને સ્થાનિક વ્યવસ્થાઓ સમજાવી શકશે.

# હ્યુમન ઈમ્યુનોડેફિશિઅન્સી વાયરસ (HIV)

## HIV શું છે?
HIV એ વાયરસ છે જે રોગપ્રતિકારક તંત્ર પર હુમલો કરે છે. તે એવો વાયરસ છે જેનાથી એક્વાયર્ડ ઈમ્યુનો ડેફિશિઅન્સી સિન્ડ્રોમ (એઈડ્ઝ) થઈ શકે છે. HIVથી ચેપગ્રસ્ત વ્યક્તિ ઘણાં વર્ષો સુધી સ્વસ્થ દેખાઈ શકે છે અને તેવો અનુભવ કરી શકે છે. જો કે, ગર્ભાવસ્થા દરમિયાન, બાળકના જન્મ વખતે કે સ્તનપાન દ્વારા આ વાયરસ બાળકમાં આવી શકે છે.

## HIV નો ચેપ કઈ રીતે લાગુ પડી શકે?
HIV નીચે પ્રમાણે પકડી શકાય છે:
- ચેપગ્રસ્ત માતા ગર્ભાવસ્થા દરમિયાન, પ્રસૂતિ કે સ્તનપાન દરમિયાન તેના બાળકમાં તે વાયરસ આપે;
- જેને ચેપ લાગ્યો હોય તેવી કોઈ વ્યક્તિ સાથે (કૉન્ડોમ વિના) **કોઈપણ** અસુરક્ષિત જાતિય પ્રવૃત્તિ;
- વાયરસ ધરાવતું લોહી ચડાવવું અથવા લોહીની પેદાશો (તેનું પરીક્ષણ યુકેમાં કરવામાં આવે છે પરંતુ અન્ય બધા દેશોમાં થતું નથી);
- ચેપગ્રસ્ત સોય અને ઈન્જેક્ષનના સાધનો વહેંચવાથી; અને
- શરીરમાં વીંધાવવા માટે કે ટેટ્ટુ માટે ઉપયોગમાં લેવાયેલી ગંદી સોય સાથેનાં સંપર્કથી.

Information for Women

© Public Health Wales

## ગર્ભાવસ્થામાં HIV માટે સ્ક્રિનીંગ કરાવવાનાં લાભો શું છે?

જો આપ HIV પોઝિટિવ હો અને તે વિશે જાણ ન હોય તો આપનું બાળક HIV પોઝિટિવ બનશે તેની શક્યતા વધારે છે (25%, અથવા 4માંથી 1ની સંભાવના) છે.

જો આપને HIV હોવાનું માલૂમ પડે તો આપ તેનો ચેપ આપના બાળકને આપો તેની શક્યતા ઘટાડવા માટે ઘણી બાબતો કરી શકાય છે. આપને વિશેષ સારવાર અને કાળજીની ઑફર કરવામાં આવશે. જો આપ ઑફર કરવામાં આવેલી સારવાર સ્વીકારો તો આપના બાળક પરનું જોખમ ઘટીને ૧% અથવા તેથી ઓછું (100માંથી 1 અથવા તેથી ઓછું) થશે. સારવાર આપને વધુ સારા સ્વાસ્થ્યમાં રાખવામાં પણ મદદ કરી શકે છે.

## ગર્ભાવસ્થામાં HIV માટે સ્ક્રિનીંગ કરાવવાના ગેરલાભો શું છે?

આપ HIV પોઝિટિવ છો કે કેમ તે જાણવાનો કોઇ યોગ્ય સમય નથી. જો કે, જો આપને માલૂમ પડે કે આપ ગર્ભવતી છો તો આપનું બાળક આપનામાંથી વાયરસ ગ્રહણ કરે તે અટકાવવામાં મદદ કરવા માટે આપ સારવાર મેળવી શકો છો.

## HIV માટે મારે સ્ક્રિનીંગ પરીક્ષણ કરાવવું જોઇએ?

પરીક્ષણ કરાવવું કે નહીં તે માત્ર આપ જ નક્કી કરી શકો છો. વેલ્સમાં બધી હૉસ્પિટલો બધી સ્ત્રીઓને HIV માટે સ્ક્રિનીંગ પરીક્ષણ આપે છે કારણ કે બાળક વાયરસ ગ્રહણ કરે તેની શક્યતા ઘટાડવી શક્ય છે.

## સ્ક્રિનીંગ પરીક્ષણનું પરિણામ મને શું કહેશે?

HIV માટે સ્ક્રિનીંગ આપના લોહીમાં પ્રતિદ્રવ્યો માપે છે.

આપને HIVનો ચેપ છે કે કેમ તે પરીક્ષણનું પરિણામ આપને કહેશે. જો પરિણામ બતાવે કે આપને ચેપ નથી તો એ યાદ રાખવું અગત્યનું છે કે આપ જ્યારે ગર્ભવતી હો ત્યારે આપને HIVનો ચેપ લાગી શકે છે. જો આપ ગર્ભાવસ્થા દરમિયાન આપનો જાતિય સાથીદાર બદલો તો આપે કોન્ડોમનો ઉપયોગ કરવો જોઇએ.

જો આપને લોહીનો નમૂનો લેવામાં આવે તેના થોડાંક અઠવાડિય પહેલાં HIVનો ચેપ લાગ્યો હોય તો આપના શરીર પ્રતિદ્રવ્યો બનાવવાના શરૂ ન કર્યા હોય તેમ બની શકે છે અને પરીક્ષણ ચેપને પારખી શકશે નહીં.

જો આપ ગર્ભવતી હો તે દરમિયાન આપનો સાથીદાર બદલો અથવા આપને HIV, હિપેટાઈટિસ બી, સિફિલિસ કે માણસો વચ્ચે ફેલાઈ શકે તેવા અન્ય રોગોનો ચેપ લાગ્યો હોવાની ચિંતા હોય તો આપની ગર્ભાવસ્થા દરમિયાન કોઇપણ સમયે આપ આપની દાયણને વધુ એક પરીક્ષણ કરવા માટે કહી શકો છો. આપ આપની નજીકના જાતિય સ્વાસ્થ્ય ક્લિનિકમાંથી ગુપ્ત પરીક્ષણ પણ મેળવી શકો છો. આપ વધુ માહિતી www.publichealthwales.org પર મેળવી શકો છો.

## HIV માટે નિદાનાત્મક પરીક્ષણ શું છે?

HIV માટેનું સ્ક્રિનીંગ પરીક્ષણ ખૂબ ચોક્કસ છે. જો સ્ક્રિનીંગ પરીક્ષણ બતાવે કે આપ HIV પોઝિટિવ છો તો આપ લોહીના અન્ય પરીક્ષણો કરાવશો જેથી ડૉક્ટર આપની સારવારનું આયોજન કરી શકે.

Information for Women

© Public Health Wales

## HIV સ્ક્રિનીંગ પરીક્ષણ કરાવવાથી વીમાની પૉલિસીઓ પર અસર પડે છે?

વીમા માટે અરજી કરનારી વ્યક્તિએ HIV માટે પરીક્ષણ કરાવ્યું છે કે કેમ તે વીમા કંપનીઓએ પૂછવું ન જોઇએ. તેઓ માત્ર એવું જ પૂછી શકે કે વ્યક્તિના પરીક્ષણનું પરિણામ સકારાત્મક હતું કે કેમ. જો આપ પહેલેથી લાઈફ એસ્યોરન્સ પૉલિસી ધરાવતા હો તો HIV પરીક્ષણ કરાવવાથી તેના પર અસર પડશે નહીં, પછી ભલે પરિણામ સકારાત્મક હોય, જ્યાં સુધી આપ પૉલિસી લેતી વખતે મહત્તવની કોઇ હકીકતો છુપાવો નહીં.

આ માહિતી બ્રિટિશ મેડિકલ એસોસિએશન અને એસોસિએશન ઑફ બ્રિટિશ ઈન્સ્યોરર્સ તરફથી સંયુક્ત માર્ગદર્શિકાઓમાંથી આવે છે.
જુલાઈ 2008.
વેબસાઈટઃ http://www.bma.org.uk/images/MedicalInfoInsurance_tcm41-173470.pdf

## મને HIV હોય તો શું?

જો પરીક્ષણ બતાવે કે આપને HIV છે તો હવે પછી શું થશે તે અંગે આપ આપના દાયણ કે ડૉક્ટર સાથે આયોજન કરી શકશો. ચેપમાં મદદ કરવા માટે આપને નિષ્ણાંત તબીબી કાળજી અને સારવાર ઑફર કરવામાં આવશે. આનાથી આપના બાળકને વાયરસનો ચેપ લાગવાનું જોખમ ઘટવામાં મદદ મળશે.
સારવારમાં દવાની ચિકિત્સાનો સમાવેશ થશે. આપને સિઝેરિયન ડિલિવરી કરાવવાની તથા સ્તનપાન ન કરાવવાની પણ સલાહ આપવામાં આવી શકે છે. આ સારવારથી આપનો ઉપચાર થશે નહીં પરંતુ તેનાથી આપનું સ્વાસ્થ્ય સુધરશે.

## વધુ માહિતી

આપ HIV વિશે વધુ માહિતી નીચે પ્રમાણે મેળવી શકો છોઃ

- આપની દાયણ, હૉસ્પિટલનાં ડૉક્ટર (આપના ઑબ્સ્ટેટ્રિશિયન) અથવા જીપી; અથવા
- આપની સૌથી નજીકનું NHSનું જાતિય સ્વાસ્થ્યનું ક્લિનિક - આપ આપની સ્થાનિક હૉસ્પિટલને ફોન કરી શકો છો અને જાતિય સ્વાસ્થ્ય અથવા GUM ક્લિનિક વિશે પૂછી શકો છો.

# હિપેટાઈટિસ બી

## હિપેટાઈટિસ બી શું છે?

હિપેટાઈટિસ બી એ વાયરસ છે જે યકૃતને ચેપ લગાડે છે. જેમને હિપેટાઈટિસ બી હોય તેવા ઘણાં લોકો જાણતા નથી કે તેમને તે છે. હિપેટાઈટિસ બી ધરાવતી મોટાભાગની પુખ્ત વયની વ્યક્તિઓ સંપૂર્ણ સાજી થાય છે પરંતુ બહુ ઓછી સંખ્યામાં લોકો વાયરસનાં 'વાહક' બને છે. જેઓ વાહક હોય તેવા લોકોને યકૃતનો ગંભીર રોગ થઈ શકે છે.

જો ગર્ભવતી મહિલાને હિપેટાઈટિસ બી થાય તો તેનું બાળક પ્રસૂતિ દરમિયાન હિપેટાઈટિસ બી વાયરસનાં સંસર્ગમાં આવી શકે છે. વાયરસનો ચેપ લાગે તેવું બાળક આજીવન ચેપ ધરાવી શકે છે અને તેના પર યકૃતના રોગનું જોખમ હોઇ શકે છે.

## હિપેટાઈટિસ બીનો ચેપ કઈ રીતે લાગી શકે?

હિપેટાઈટિસ બીનો ચેપ નીચે પ્રમાણે લાગી શકે છેઃ

- ચેપગ્રસ્ત માતા પ્રસૂતિ દરમિયાન તેના બાળકને વાયરસનું વહન કરે;
- ચેપગ્રસ્ત હોઅ તેવી કોઇ વ્યક્તિ સાથે (કૉન્ડોમ વિના) અસુરક્ષિત જાતિય પ્રવૃત્તિ કરવાથી;
- ચેપગ્રસ્ત હોય તેવી કોઇ વ્યક્તિના શરીરનાં પ્રવાહીઓ સાથે સંસર્ગમાં આવવાથી;
- શરીર વીંધાવવામાં અને ટેટ્ટુ કરવામાં વપરાયેલી ગંદી સોયનાં સંસર્ગમાં આવવાથી;

Information for Women

© Public Health Wales

- ચેપગ્રસ્ત સોય અને ઈન્જેક્ષનના સાધનો વહેંચવાથી;
- વિદેશમાં કરવામાં આવેલી લોહી ચડાવવાની વિધિઓ અને તબીબી વિધિઓને કારણે; અને
- જે ચેપગ્રસ્ત હોય તેવી વ્યક્તિ સાથે લાંબા સમય માટે ઘનિષ્ઠ સંપર્કમાં રહેવાથી.

## ગર્ભાવસ્થામાં હિપેટાઈટિસ બી માટે સ્ક્રિનીંગ કરાવવાના લાભો શું છે?

હિપેટાઈટિસ બી માટે પરીક્ષણ કરવું એ અગત્યનું છે કારણ કે જો બાળકનો જન્મ થાય તે પહેલાં ડૉક્ટર ચેપ વિશે જાણે તો, જન્મ બાદ તરત શરૂ કરેલા રસીકરણનાં કોર્સથી બાળકને વાયરસનો ચેપ લાગતો અટકાવવામાં મદદ મળી શકે છે. રસીકરણ મોટાભાગનાં બાળકોને હિપેટાઈટિસ બીનાં ચેપથી અસરગ્રસ્ત થવા સામે રક્ષણ આપે છે.

જો આપને હિપેટાઈટિસ બી હોય તો આપના બાળકને ચેપ લાગશે તેવી ઘણી વધારે શક્યતા છે (70% સુધી અથવા 100માંથી 70 વખત). જો આપે સ્ક્રિનીંગ પરીક્ષણ કરાવ્યું હોય અને આપ હિપેટાઈટિસ બી માટે પોઝિટિવ હો તો આપના બાળકને રસી આપવામાં આવી શકે છે અને આપના બાળકને ચેપ લાગવાની શક્યતા 5% કરતાં ઓછી હશે (એટલે કે, 100માંથી પાંચ વખત).

## ગર્ભાવસ્થામાં હિપેટાઈટિસ બી માટે સ્ક્રિનીંગ ન કરાવવાના ગેરલાભો શું છે?

આપને હિપેટાઈટિસ બી છે તેવું શોધવાનો કોઈ યોગ્ય સમય નથી. જો કે, આપ ગર્ભવતી હો તે વખતે આપને જાણ થાય તો આપના બાળકને આપનામાંથી વાયરસનો ચેપ લાગતો અટકાવવામાં મદદ કરવા માટે રસી આપવામાં આવી શકે છે.

## મારે હિપેટાઈટિસ બી માટે સ્ક્રિનીંગ પરીક્ષણ કરાવવું જોઈએ?

પરીક્ષણ કરાવવું કે નહીં તે માત્ર આપ જ નક્કી કરી શકો. વેલ્સમાં બધી હૉસ્પિટલો હિપેટાઈટિસ બી માટે સ્ક્રિનીંગ પરીક્ષણ આપે છે કારણ કે બાળકોને આપનામાંથી વાયરસનો ચેપ લાગતો અટકાવવામાં મદદ કરવા માટે તેમને રસી આપી શકાય છે.

## સ્ક્રિનીંગનાં પરીક્ષણનું પરિણામ મને શું કહેશે?

હિપેટાઈટિસ બી માટેનું સ્ક્રિનીંગ આપના લોહીમાં હિપેટાઈટિસ બી વાયરસ છે કે નહીં તે જુએ છે.

પરીક્ષણનું પરિણામ આપને કહેશે કે આપ હિપેટાઈટિસ બીથી ચેપગ્રસ્ત છો કે નહીં. જો પરિણામ બતાવે કે આપને ચેપ લાગ્યો નથી તો એ યાદ રાખવું અગત્યનું છે કે જ્યારે આપ ગર્ભવતી બનો ત્યારે આપને હિપેટાઈટિસ બીનો ચેપ લાગી શકે છે. જો આપ ગર્ભાવસ્થા દરમિયાન જાતિય સાથીદાર બદલો તો આપે કોન્ડોમનો ઉપયોગ કરવો જોઈએ.

જો આપને લોહીનો નમૂનો લેવામાં આવે તેના થોડા મહિના પહેલાં હિપેટાઈટિસ બીનો ચેપ લાગ્યો હોય તો પરીક્ષણ ચેપ પારખી શકશે નહીં.

આપ ગર્ભવતી હો તે દરમિયાન જો આપ સાથીદાર બદલો અથવા આપને ચિંતા હોય કે આપને HIV, હિપેટાઈટિસ બી, સિફિલિસ કે લોકો વચ્ચે ચેપથી પ્રસરી શકતા અન્ય રોગોનો ચેપ લાગ્યો હોઈ શકે છે તો ગર્ભાવસ્થા દરમિયાન કોઈપણ સમયે વધુ એક પરીક્ષણ કરવા માટે આપ આપની દાયણને કહી શકો છો. આપ આપના સૌથી નજીકનાં જાતિય સ્વાસ્થ્યનાં ક્લિનિક પરથી પણ ગુપ્ત પરીક્ષણ મેળવી શકો છો. આપ વધુ માહિતી www.publichealthwales.org વેબસાઈટ પરથી મેળવી શકો છો.

Information for Women

© Public Health Wales

## હિપેટાઈટિસ બી માટે નિદાનાત્મક પરીક્ષણ શું છે?

હિપેટાઈટિસ બી માટે સ્ક્રિનીંગ પરીક્ષણ ખૂબ ચોક્કસ હોય છે. જો સ્ક્રિનીંગ પરીક્ષણ બતાવે કે આપ હિપેટાઈટિસ બી ધરાવો છો તો આપને લોહીના અન્ય પરીક્ષણો કરાવવાની જરૂર પડશે જેથી બાળકને જરૂર પડે તેવી રસીઓ અંગે ડૉક્ટર આયોજન કરી શકે.

## મને હિપેટાઈટિસ બી હોય તો શું?

જો આપને હિપેટાઈટિસ બી હોય તો તે આપને કઈ રીતે અસર કરશે તેના વિશે આપના દાયણ કે ડૉક્ટર આપની સાથે વાત કરશે.

આપને એ બાબતની પણ ચિંતા હોઇ શકે છે કે આપના કુટુંબમાં અન્ય લોકોને ચેપ હોઇ શકે છે. જરૂર જણાય તો તેમનું પણ પરીક્ષણ થઈ શકે છે અને તેમને પણ રસી મૂકી શકાય છે.

# સિફિલિસ

## સિફિલિસ શું છે?

સિફિલિસ એ ગંભીર બેક્ટેરિયલ ચેપ છે. જેમને સિફિલિસ હોય છે તેવા મોટાભાગનાં લોકો પ્રથમ માત્ર થોડા સમય માટે જ અસ્વસ્થ હોય છે અને તેમને તે રોગ હોવાનો ખ્યાલ ન હોય તેમ બની શકે છે. પરંતુ જો સિફિલિસની સારવાર કરવામાં ન આવે તો તેનાથી બાદમાં જીવનમાં ગંભીર સમસ્યાઓ થઈ શકે છે જેમાં મગજને નુકસાન અને હૃદયની સમસ્યાઓનો પણ સમાવેશ થાય છે.

## સિફિલિસનો ચેપ કઈ રીતે લાગી શકે?

સિફિલિસનો ચેપ નીચે પ્રમાણે લાગી શકે છેઃ

- જેને સિફિલિસ હોય તેવી મહિલા ગર્ભાવસ્થા દરમિયાન તેના ગર્ભસ્થ શિશુને ચેપ લગાડે તો; અથવા
- ચેપગ્રસ્ત વ્યક્તિ સાથે અસુરક્ષિત જાતિય પ્રવૃત્તિ (કૉન્ડોમ વિના) કરવાથી.

## ગર્ભાવસ્થામાં સિફિલિસ માટે સ્ક્રિનીંગ કરાવવાના લાભો શું છે?

ગર્ભાવસ્થાની શરૂઆતમાં એન્ટીબાયોટિક્સ સાથેની સારવારથી આપને મદદ મળશે અને સામાન્ય રીતે આપના બાળકને સિફિલિસનો ચેપ લાગતો અટકાવી શકાશે. ક્યારેક, બાળકોનો જ્યારે જન્મ થાય ત્યારે તેમને પણ એન્ટીબાયોટિક્સની જરૂર પડી શકે છે. જ્યારે આપ ગર્ભવતી હો તે દરમિયાન આપને સિફિલિસ હોય ત્યારે તેનાથી કસુવાવડ થઈ શકે છે અથવા આપના બાળકને નુકસાન થઈ શકે છે.

## ગર્ભાવસ્થામાં સિફિલિસ માટે સ્ક્રિનીંગ કરાવવાના ગેરલાભો શું છે?

આપને સિફિલિસ છે તે શોધવા માટેનો કોઇ યોગ્ય સમય નથી. જો કે, આપ ગર્ભવતી હો તે દરમિયાન આપને માલૂમ પડે તો આપના બાળકમાં મોટી સમસ્યાઓ સર્જાતી અટકાવવામાં મદદ કરવા માટે આપ સારવાર કરાવી શકો છો.

## સિફિલિસ માટે મારે સ્ક્રિનીંગ પરીક્ષણ કરાવવું જોઇએ?

આ પરીક્ષણ કરાવવું કે નહીં તે માત્ર આપ જ નક્કી કરી શકો છો. વેલ્સમાં બધી હૉસ્પિટલો ગર્ભવતી મહિલાઓને સિફિલિસ માટે સ્ક્રિનીંગ પરીક્ષણ ઑફર કરે છે કારણ કે એન્ટીબાયોટિક્સ સાથેની સારવાર આપના બાળકમાં મોટી સમસ્યાઓ સર્જાતી અટકાવવામાં મદદકરી શકે છે.



© Public Health Wales

## સ્ક્રિનીંગ પરીક્ષણનું પરિણામ મને શું કહેશે?

સિફિલિસ માટેનું સ્ક્રિનીંગ આપના લોહીમાં પ્રતિદ્રવ્યો માપે છે.
આપને સિફિલિસનો ચેપ છે કે નહીં તે પરીક્ષણનું પરિણામ આપને કહેશે. જો પરિણામ બતાવે કે આપને ચેપ નથી તો એ યાદ રાખવું અગત્યનું છે કે આપ ગર્ભવતી હો તે વખતે આપને સિફિલિસ થઈ શકે છે. જો આપ ગર્ભાવસ્થા દરમિયાન આપના જાતિય સાથીદારને બદલો તો આપે કૉન્ડોમનો ઉપયોગ કરવો જોઈએ.

લોહીનો નમૂનો લેવાના થોડા મહિના પહેલાં આપને સિફિલિસનો ચેપ લાગ્યો હોય તો આપના શરીરે પ્રતિદ્રવ્યો બનાવવાનું શરૂ ન કર્યું હોય તેમ બની શકે છે અને પરીક્ષણ ચેપ પારખી શકશે નહીં.

આપ ગર્ભવતી હો તે દરમિયાન જો આપ સાથીદાર બદલો અથવા આપને ચિંતા હોય કે આપને HIV, હિપેટાઈટિસ બી, સિફિલિસ કે લોકો વચ્ચે ચેપથી પ્રસરી શકતા અન્ય રોગોનો ચેપ લાગ્યો હોઈ શકે છે તો ગર્ભાવસ્થા દરમિયાન કોઈપણ સમયે વધુ એક પરીક્ષણ કરવા માટે આપ આપની દાયણને કહી શકો છો. આપ આપના સૌથી નજીકનાં જાતિય સ્વાસ્થ્યનાં ક્લિનિક પરથી પણ ગુપ્ત પરીક્ષણ મેળવી શકો છો. આપ વધુ માહિતી www.publichealthwales.org વેબસાઈટ પરથી મેળવી શકો છો.

## સિફિલિસ માટે નિદાનાત્મક પરીક્ષણો શું છે?

સિફિલિસ માટે સ્ક્રિનીંગ પરીક્ષણનાં પરિણામો સમજવા હંમેશા સહેલા હોતા નથી. ક્યારેક સ્ક્રિનીંગ પરીક્ષણનું પરિણામ હકારાત્મક આવે છે કારણ કે આપને ભૂતકાળમાં સિફિલિસ હોય અને તે માટે આપની સારવાર થઈ હોય અથવા આપને કોઈ અલગ અને ઓછી ગંભીર સમસ્યા હોય. જો સ્ક્રિનીંગ પરીક્ષણ સકારાત્મક હોય તો આપને આ પ્રકારનાં રોગોનાં નિષ્ણાંત હોય તેવા ડૉક્ટર સાથે અપોઈન્ટમેન્ટ આપવામાં આવશે. નિદાન કરવા માટે અને શ્રેષ્ઠ સારવાર નક્કી કરવા માટે આ ડૉક્ટર આપને પ્રશ્નો પૂછશે જેમાં અગાઉના ચેપ વિશેના પ્રશ્નોનો પણ સમાવેશ થશે.

## મને સિફિલિસ હોય તો શું?

જો આપને સિફિલિસ હોય તો તે આપને કઈ રીતે અસર કરશે તે અંગે આપની દાયણ અથવા ડૉક્ટર આપની સાથે વાત કરશે. આપને સંભવિતપણે એન્ટીબાયોટિક્સ આપવામાં આવશે અને લોહીના વધુ પરીક્ષણોની જરૂર પડશે.

## વધુ માહિતી

આપ સિફિલિસ વિશે વધુ માહિતી નીચે પ્રમાણે મેળવી શકો છોઃ

- આપની દાયણ, હૉસ્પિટલનાં ડૉક્ટર (આપના ઑબ્સ્ટેટ્રિશિયન) અથવા જીપી; અથવા
- આપની સૌથી નજીકનું NHSનું જાતિય સ્વાસ્થ્યનું ક્લિનિક - આપ આપની સ્થાનિક હૉસ્પિટલને ફોન કરી શકો છો અને જાતિય સ્વાસ્થ્ય અથવા GUM ક્લિનિક વિશે પૂછી શકો છો.

# રૂબેલા (જર્મન ઓરી)

રૂબેલા સામે આપ સુરક્ષિત છો કે કેમ તે જોવા માટેના સ્ક્રિનીંગથી આ ગર્ભાવસ્થામાં બાળકનું રક્ષણ થશે નહીં.

જો રૂબેલા સામે આપ સુરક્ષિત ન હો (રૂબેલાનું જોખમ હોય તો) આપને ગર્ભાવસ્થા બાદ રસીકરણની ઑફર કરવામાં આવી શકે છે. આનાથી કોઈપણ વધુ ગર્ભાવસ્થા રૂબેલા દ્વારા અસરગ્રસ્ત થાય તેની સામે રક્ષણ મળશે.

## રૂબેલા શું છે?

રૂબેલા, અથવા જર્મન ઓરી, એ બાળપણની સામાન્ય બિમારી છે. તે વાયરલ ચેપ છે અને એક વ્યક્તિથી બીજી વ્યક્તિમાં આસાનીથી પ્રસરે છે. તે સામાન્ય રીતે હળવી બિમારી છે. રૂબેલા ધરાવતી કોઈ વ્યક્તિ સામાન્ય રીતે ચકામા ધરાવે છે અને અઠવાડિયા સુધી તેને ઠીક લાગતું નથી.


© Public Health Wales

જો કે, જો ગર્ભાવસ્થાનાં પ્રથમ 12 અઠવાડિયામાં આપને રૂબેલાનો ચેપ લાગે તો તેનાથી આપના બાળકનાં મગજ, હૃદય, આંખો અને શ્રવણશક્તિને ગંભીર નુકસાન થઈ શકે છે. આને જન્મ સમયના રૂબેલાનો સિન્ડ્રોમ કહે છે.

## રૂબેલાનો ચેપ કઈ રીતે લાગી શકે છે?

રૂબેલાનો ચેપ નીચે પ્રમાણે લાગી શકે છેઃ

- જેને ચેપ લાગ્યો હોય તેવી વ્યક્તિના નાક કે ગળાનાં પ્રવાહી સાથે સીધો સંપર્ક; અને,
- શ્વાસમાં એવા ટીપાં જવાં જે હવામાં ત્યારે ફેલાયા હોય જ્યારે ચેપગ્રસ્ત વ્યક્તિ છીંક, ખાંસી ખાય કે વાત કરતી હોય.

## ગર્ભાવસ્થામાં રૂબેલાના ચેપના જોખમ માટે સ્ક્રિનીંગ કરાવવાના લાભો શું છે?

જો રૂબેલા સામે આપ સુરક્ષિત ન હો તો આ ગર્ભાવસ્થા પૂરી થયા બાદ આપને અછબડા, ગાલપચોળિયાં અને રૂબેલાની રસી (MMR) સાથેનાં બે રસીકરણ ઑફર કરવામાં આવશે. આપે એ યાદ રાખવાની જરૂર છે કે સ્ક્રિનીંગ પરીક્ષણ માત્ર એ શોધવા માટે જ છે કે રૂબેલા સામે આપ સુરક્ષિત છો કે નહીં. પરીક્ષણ રૂબેલાનો ચેપ છે કે નહીં તે જોતું નથી અને રૂબેલાના ચેપથી બાળકને અસર થઈ છે કે કેમ તે આ પરીક્ષણ બતાવતું નથી. ગર્ભાવસ્થામાં આપને રસીકરણની ઑફર ન થવી જોઇએ.

## રૂબેલા સામે હું સુરક્ષિત નથી તે જોવા માટે મારે સ્ક્રિનીંગ પરીક્ષણ કરાવવું જોઇએ?

પરીક્ષણ કરાવવું છે કે નહીં તે માત્ર આપ જ નક્કી કરી શકો છો. વેલ્સમાં બધી હૉસ્પિટલો ગર્ભવતી મહિલાઓને એ જોવા માટેના સ્ક્રિનીંગ પરીક્ષણની ઑફર કરે છે કે તેઓ રૂબેલા સામે સુરક્ષિત છે કે નહીં.

આપે ભૂતકાળમાં રૂબેલાની રસી લીધી હોય તો પણ આપ હવે ગર્ભવતી હોવાથી લોહીનું પરીક્ષણ કરાવવું હજીપણ અગત્યનું છે. જેમને રસી આપવામાં આવી હોય તેમાંથી લગભગ 5% લોકો (એટલે કે, 100માંથી પાંચ) સુરક્ષિત હોતા નથી.

## આપ રૂબેલા સામે સુરક્ષિત છો કે કેમ તે જોવા માટેનું નિદાનાત્મક પરીક્ષણ શું છે?

રૂબેલા સામે આપ સુરક્ષિત છો કે કેમ તે જોવા માટેનું સ્ક્રિનીંગ પરીક્ષણ ખૂબ જ ચોક્કસ છે અને આપને સામાન્ય રીતે વધારાના પરીક્ષણોની જરૂર પડશે નહીં.

## રૂબેલા સામે હું સુરક્ષિત ન હોઉં તો શું?

જો પરીક્ષણ બતાવે કે આપ સુરક્ષિત નથી તો આપને ભાવિ ગર્ભાવસ્થાઓમાં રક્ષણ આપવા માટે બે MMR રસીઓની ઑફર કરવામાં આવશે. પ્રથમ રસીકરણ આ ગર્ભાવસ્થાનાં અંતે હોવી જોઇએ અને બીજું રસીકરણ ચાર અઠવાડિયા બાદ હોવું જોઇએ.

## અગત્યની માહિતી

જો આપ ગર્ભવતી હો તે દરમિયાન આપને ચકામું થાય અથવા જેમને ચકામું હોય તેવી કોઇ વ્યક્તિ સાથે સંપર્કમાં આવો તો આપની દાયણ કે ડૉક્ટરને કહો. આપને રૂબેલાનો ચેપ અથવા જેનાથી ચકામા થાય તેવો અન્ય વાયરલ ચેપ લાગ્યો છે કે કેમ તે જોવા માટે આપે લોહીના અન્ય પરીક્ષણો કરાવવાની જરૂર પડી શકે છે.

© કૉપીરાઇટ 2010 પબ્લિક હેલ્થ વેલ્સ NHS ટ્રસ્ટ. સર્વાધિકાર સુરક્ષિત. કૉપીરાઇટ માલિકની પરવાનગી વિના સંપૂર્ણ કે આંશિક રીતે પુનઃઉત્પાદન થઈ શકશે નહીં.
www.antenatalscreening.org
એપ્રિલ 2010
IP 9મી આવૃત્તિ

Information for Women

© Public Health Wales